## રાજ્યના નાના શહેરોનું આંતરિક હવાઈ જોડાણ

***15/4/1379 ડૉ.તુષાર અમરસિંહ ચૌધરી** (ખેડબ્રહ્મા) : પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૧૬/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૨૦૧૮ (અગ્રતા–૧૨) ના અનુસંધાને **માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | રાજ્ય સરકાર દ્વારા નાના શહેરોને આંતરિક હવાઈ જોડાણથી જોડવાના આયોજન અન્વયે અમદાવાદ–કેશોદ–પોરબંદર–અમદાવાદ રૂટ શરૂ કરવાનું આયોજન હતુ તે અન્વયે તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ક્યારે હવાઈ સેવા શરૂ કરવામાં આવી, | (૧) અને (૨) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ–કેશોદ–પોરબંદર–અમદાવાદ રૂટ પર હવાઈ સેવા શરૂ કરવા માટે ટેન્ડર પ્રક્રિયામાં કોઇ એજન્સીએ ભાગ લીધેલ ન હોવાથી સેવા શરૂ કરવાની બાકી છે. |
| (૨) | ઉક્ત સ્થિતિએ ઉક્ત કયા શહેરોને આંતરિક હવાઈ જોડાણથી જોડવાના બાકી છે, અને | | |
| (૩) | ઉક્ત શહેરોને ક્યાં સુધીમાં આંતરિક હવાઈ સેવાથી જોડવામાં આવશે? | (૩) | ઉક્ત શહેરોને જરૂરી નિયમોનુસારની કાર્યવાહી કરી હવાઈ સેવાથી જોડવામાં આવશે. |

---